सत्यं शिवं सुन्दरम्

**Shrimati Hansa Mehta Library**
(University Library)
**The Maharaja Sayajirao University of Baroda**
Station Road, VADODARA – 390002, Gujarat. India
Phone: (0265) 2795338/2780438 Fax: 0265-2786328
www.hmlibrary.ac.in

રેફ.નં - એચ.એમ.એલ./એસ.એસ.એમ.ટી/કલોક રૂમ/ 271 તા.૦૧-૦૬-૨૦૧૮

**વિષય : સર સયાજીરાવ મેમોરીયલ ટ્રષ્ટ લાયબ્રેરી ના કલોક રૂમનો પરવાનો આપવા બાબત**

આથી લાગતા વળગતાની જાણ માટે જાહેર કરવામાં આવે છે કે **સર સયાજીરાવ મેમોરીયલ ટ્રષ્ટ લાયબ્રેરી** માં વાંચવા આવતા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો સાથે લાવેલ વસ્તુઓ સાચવવા માટેનો પરવાનો તા.૧-૦૭-૨૦૧૮ થી એક વર્ષ માટે આપવાનો છે.સબબ પરવાનો રાખવાની જેઓન ઇચ્છા હોય તેઓએ **શુક્રવાર તા.૧૫-૦૬-૨૦૧૮** ના રોજ઼ં બપોરે ૨.૦૦ વાગ્યા સુધીમાં **યુનિવર્સિટી લાયબ્રેરીયન, શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી, મહારાજા સયાજીરાવ યુનીવર્સિટી ઓફ બરોડા, સયાજીગંજ, સ્ટેશન રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૨** ના સરનામે અરજી કરવી પરવાના માટેનાં નિયમો આ સાથે સામેલ છે. અરજદાર પોતે ઓછામાં ઓછા જે ભાવ લઇ શકે તેમ હોય તે તથા તે અગેની બીજી જે કાંઇ વિગતો હોય તે નીચે પ્રમાણે અરજીમાં સ્પષ્ટ લખવી

(૧) **સર સયાજીરાવ મેમોરીયલ ટ્રષ્ટ લાયબ્રેરી** માં વાંચવા આવતા વાચકો માટે તેમની વસ્તુઓ હેલમેટ સહિત સાચવવા માટે ના નંગ દીઠ ભાવ રૂા. ________.

(૨) વસ્તુઓ તેજ દિવસે ન લઇ જાય અને રાત્રી પડી રહે તો નંગ દીઠ ભાવ રૂા. __________.
ઉપર મુજબ ના દરો ઓછામાં ઓછા કેટલા લેશે તે અરજદારે સ્પષ્ટ જણાવવું.

(૩) **સર સયાજીરાવ મેમોરીયલ ટ્રષ્ટ લાયબ્રેરી** ના કલોક રૂમના પરવાનો પેટે રૂ.__________ લાયબ્રેરી ડેવલપમેન્ટ ફંડ માટે આપીશુ.

(૪) વિદ્યાર્થી કલોક રૂમ માં પ્રથમ વખત બેગ/સામાન મુક્યા બાદ તે બેગ/સામાન વધુ માં વધુ 3 વખત વિના મુલ્યે મુકી/લઈ જઈ શકશે

તે ઉપરાત અરજી ની સાથે સામેલ પરવાના માટે ના નિયમો બરાબર વાંચી સમજીને આ અરજી કરી છે. તે સ્પષ્ટ જણાવવું પરવાનો રાખવા માટે ના નિયમો પરવાનો રાખનારને સંપુર્ણ પણે બંધનકર્તા રહેશે લાયબ્રરી ચાલુ હોય તે મુદત સુધી અને તેટલા સમય સુધી આ કલોક રૂમ ચાલુ રાખવા પડશે.(લાયબ્રેરી નો સમય સવારે ૮:૦૦ થી રાત ના ૮:૦૦ વાગ્યા સુધી રહેશે).

**સદર પરવાનાના ટેન્ડર શુક્રવાર તા.૧૫-૦૬-૨૦૧૮ ના રોજ બપોરે ૪ કલાકે શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરીની ઓફીસમાં ખોલવામાં આવશે અરજી કરનાર તે વખતે હાજર રહી શકશે.**

યુનિવર્સિટી લાયબ્રેરીયન

નોધઃ આ પરિપત્ર જાહેરાત માટે નોટીસ બોર્ડ ઉપર મુકવા માટે રવાના
ઉપરની જાહેરાત બહોળી પ્રસિધ્ધી અર્થે શકય તે રીતે પ્રસારણ કરવા વિનંતી છે

(૧) અંગત મદદનીસ - કુલપતિશ્રી, કુલસચિવશ્રી મ.સ. યુનિ. વડોદરા - જાણ સારુ

(૨) યુનિવસિર્ટીના તમામ સંસ્થાના વડાશ્રીઓ તરફ

(૩) ડાયરેકટર, કોમ્પુટર સેન્ટર, મ.સ.યુનિ. ઓફ વડોદરા **(મ.સ.યુનિ. ઓફ વડોદરા ની વેબ સાઇટ ઉપર મુકવા વિનંતી)**

(૪) તમામ ફેકલ્ટી લાયબ્રેરી

(૫) શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી ની વેબ સાઇટ ઉપર મુકવા માટે

सत्यं शिवं सुन्दरम्

**Shrimati Hansa Mehta Library**
(University Library)
**The Maharaja Sayajirao University of Baroda**
Station Road, VADODARA – 390002, Gujarat. India
Phone: (0265) 2795338/2780438 Fax: 0265-2786328
www.hmlibrary.ac.in

## - : નિયમો :-

(૧) **સર સયાજીરાવ મેમોરીયલ ટ્રષ્ટ લાયબ્રેરી** માં વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓની વસ્તુઓ સાચવવા માટે નો પરવાના તા. ૧-૭-૨૦૧૮ થી તા.૩૦-૦૬-૨૦૧૯ સુધી એક વર્ષ માટે આપવાનો છે.જે વ્યકિતનો પરવાનો મંજુર થાય તે વ્યકિત કેટલી રકમ લાયબ્રેરી ડેવલોપમેન્ટ ફંડ માટે આપશો તે સ્પષ્ટ જણાવશો. **સદર રકમ ૧૧ માસની આપવાની રહેશે**

(૨) નકકી થયા પ્રમાણે વસ્તુ સાચવવાનો ભાવ લેવાનો રહેશે.

(૩) નકકી કરી આપવામાં આવેલ જગ્યાએ વસ્તુઓ મુકવાની રહેશે.

(૪) બધાજ દિવસ રવિવાર તેમજ રજાઓ દરમ્યાન સવાર ૮-૦૦ વાગ્યા થી તે રાત્રી ના ૮-૦૦ વાગ્યા સુધી વસ્તુઓ સાચવવાનુ કાર્ય કરવાનું રહેશે. રાત્રી દરમ્યાન પડી રહે તો તેનો ચાર્જ નકકી થયા પ્રમાણે નો લેવાનો રહેશે.

(૫) વસ્તુઓ મુકવામાં આવે અને વસ્તુઓને નુકસાન થાય અથવા તેના ભાગ ને નુકશાન થાય તો તેને દુરસ્ત કરી આપવાની રહેશે વસ્તુઓ ખોવાઇ જાય તો તેની કીમંત આપવાની રહશે સદર વળતર વ્યકિતએ આપેલ ફરીયાદ ના ૧૫ દિવસમાં આપવાની રહેશે

(૬) વસ્તુઓ રીપેર કરવાની અથવા ખોવાઇ ગયેલ વસ્તુની કીમત નકકી કરવામાં વાંધો આવે તો યુનિ. લાયબ્રેરીયન નકકી કરે તે માન્ય રાખવાની રહેશે.

(૭) રૂા.૫૦૦૦-૦૦ અનામત થાપણ તરીકે વ્યાજ વગર આપવાની રહેશે.

(૮) વસ્તુ મુકવાની નકકી કરેલ જગ્યાએ સમય અને ભાવ દર્શાવતુ બોર્ડ મુકવાનુ રહેશે.

(૯) જો લાયબ્રેરીમાં રજાઓ તેમજ રવિવારે ચાલુ હોય તો વસ્તુઓ સાચવવાનુ કામકાજ સવારે ૮.૦૦ થી રાત્રીના ૮-૦૦ સુધી ચાલુ રાખવાનુ રહેશે.

(૧૦) વસ્તુઓ મુકવા બદલનો નામ/નંબર બીલ્લો વસ્તુ મુકનારને આપવાનો રહેશ અને વસ્તુ પરત લઇ જાય ત્યારે તે પરત લેવાનો રહેશે.

(૧૧) કોઇ પણ જાતનુ કારણ બતાવ્યા વગર કોઇ પણ સમયે પરવાનો રદ કરવાનો અધિકાર યુની. લાયબ્રેરીયનને રહેશે.

(૧૨) અરજી બંધ કવરમાં મુકીને તેની ઉપર **સર સયાજીરાવ મેમોરીયલ ટ્રષ્ટ લાયબ્રેરી** **કલોક રૂમના** **પરવાના માટેનું ભાવ પત્રક** એમ લખવુ.

(૧૩) **સદરહુ ભાવ પત્રક યુનિવર્સિટી લાયબ્રેરીયન, શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરી, મહારાજા સયાજીરાવ યુનીવર્સિટી ઓફ બરોડા, સયાજીગંજ, સ્ટેશન રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૨ ના સરનામે રજિસ્ટર્ડ પોસ્ટ/રજિસ્ટર્ડ એ. ડી./સ્પીડ પોસ્ટ/કુરીયર ધ્વારા શુક્રવાર તા.૧૫-૦૬-૨૦૧૮ સુધીમાં બપોરે ૨ વાગ્યા સુધીમાં મળી જાય તે પ્રમાણે મોકલવાનો રહેશે.**

(૧૪) **સદર ટેન્ડર શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરીમાં શુક્રવાર તા.૧૫-૦૬-૨૦૧૮ ના રોજ બપોરે ૪-૦૦ વાગે ખોલવામાં આવશે. ટેન્ડર મોકલનાર હાજર રહી શકે છે.**

યુનિવર્સિટી લાયબ્રેરીયન